પોરબંદર જિલ્લામાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા.

*15/4/1160 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા(પોરબંદર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૮૦ શાળાઓમાં કોમ્પ્યુટર લેબની અને ૨૨૦ શાળાઓમાં વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ન હતી, તે સુવિધા જેમ બને તેમ ઝડપથી ઉપલબ્ધ કરાવવાની હતી તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત શાળાઓમાંથી કેટલી શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કુલ ૧૩૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને ૧૫ સરકારી પ્રાથમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ)ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે: |

| તાલુકો | કુલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા (ધો. ૧ થી ૮ સુધીની) | કોમ્પ્યુટર લેબ ઉપલબ્ધ છે તેવી શાળાઓની સંખ્યા | કોમ્પ્યુટર લેબ ઈન્સ્ટોલેશન પ્રગતિમાં છે તેવી શાળાઓની સંખ્યા | કોમ્પ્યુટર લેબ ફાળવવાની બાકી હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| કુતિયાણા | ૫૩ | ૧૧ | ૧૭ | ૨૫ |
| પોરબંદર | ૧૧૭ | ૨૫ | ૪૬ | ૪૬ |
| રાણાવાવ | ૫૬ | ૧૧ | ૨૦ | ૨૫ |
| કુલ | ૨૨૬ | ૪૭ | ૮૩ | ૯૬ |

| તાલુકો | કુલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા (ધો. ૧ થી ૮ સુધીની) | ગણિત-વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ) ઉપલબ્ધ છે તેવી શાળાઓની સંખ્યા | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગણિત-વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ) ઉપલબ્ધ કરાવેલ છે તેવી શાળાઓની સંખ્યા | ગણિત-વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ) ફાળવવાની બાકી હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| કુતિયાણા | ૫૩ | ૦૦ | ૦૦ | ૫૩ |
| પોરબંદર | ૧૧૭ | ૦૪ | ૦૮ | ૧૦૫ |
| રાણાવાવ | ૫૬ | ૦૨ | ૦૧ | ૫૩ |
| કુલ | ૨૨૬ | ૦૬ | ૦૯ | ૨૧૧ |

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા નથી, અને | (૨) | ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કુલ ૯૬ શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા નથી.<br>તથા તાલુકાવાર કુલ ૨૧૧ શાળાઓમાં ગણિત-વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ)ની સુવિધા નથી. |
| (૩) ઉક્ત શાળાઓમાં ક્યાં સુધીમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે? | (૩) | ઉક્ત સ્થિતિએ નામાંકનને આધારે પ્રાથમિક્તા આપી તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી બાકી રહેલ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને ગણિત-વિજ્ઞાન લેબ (સ્ટેમ લેબ)ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. |